## પ્રાંતિજ ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા પથસંચલન કાર્યક્રમ યોજાયો



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રાંતિજ તાલુકો દ્વારા વિજયા દશમી ઉત્સવ અને પથસંચલન કાર્યક્રમ યોજાયો. સંગઠિત હિન્દુ ધર્મ અને સમર્થ ભારત ના સૂત્રને સાકાર કરવા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કાર્યરત છે અને ૧૯૨૫ વિજયાદશમી ના દિવસથી રાષ્ટ્રીય સ્વયંસેવક અવિરત સંઘ કાર્ય કરે છે સંધના સ્થાપના દિવસ વિજયા દશમી નિમિત્તે પ્રાંતિજ તાલુકા દ્વારા પ્રાંતિજ શેઠ.પીએન્ડ આર હાઈસ્કુલ ખાતે સંધના સ્થાપના દિન અને વિજયાદશમી નિમિતે ઉત્સવ અને પથસંચલન કાર્યક્રમ તથા શસ્ત્રો પુજન કાર્યક્રમ યોજાયો હતો જેમા સ્વયંસેવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મોડાસા ઓધારી માતાજી મંદિર પાસે તળાવ ગરબા થી દૈદિપ્યમાન



નવરાત્રીમાં શક્તિની આરાધના સાથે સાથે ગરબાનું ઘરે ઘરે સ્થાપનનું અનેરું મહત્વ છે જીલ્લામાં ઠેર ઠેર નવરાત્રી પર્વની સાથે માતાજીની ગરબી સ્થાપી ઘરે દસ દિવસ સુધી અખંડ જ્યોત જલાવી નવરાત્રી પર્વ પૂર્ણ થતા મોડાસાના ઓધારી માતાજીના મંદિર પરિસરમાં ગરબા વળાવતા પરિસર દીવડા થી ઝગમગી ઉઠ્યું હતું મંદિરના પૂજારી અતુલ જોશીના જણાવ્યા અનુસાર પરિસરમાં ગરબા અને દીવડાઓ થી મંદિરમાં દૈદિપ્યમાન માહોલ સર્જાવાની સાથે પ્રજાજનો ભક્તિભાવ પૂર્વક દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવે છે

## પ્રાંતિજ ખાતે નાગર બ્રાહ્મણ સમાજનું જય બહુચર માં મંદિર ખાતે નવરાત્રીની શ્રધ્ધાભેર ઉજવણી



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તાર મા આવેલ નાગર બ્રાહ્મણ વાસ મા આવેલ જય બહુચર માં મંદિર ખાતે નવરાત્રી ના નવ દિવસ શ્રધ્ધા ઉમંગ ભેર ઉજવણી કરવામા આવે છે પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તાર મા આવેલ નાગર બ્રાહ્મણ ભાણી બા ના કુવા પાસે આવેલ નાગરવાસ મા આવેલ ૨૫૦ વર્ષ પુરાણુ બહુચર માં નુ મંદિર આવેલ છે આ મંદિર ની સ્થાપના નાગર સમાજ ના વરવાઓ દ્વારા કરવામા આવી હતી જેતે સમયે અહી રહેતા નાગર બ્રાહ્મણ સમાજ ના લોકોને જેતે વખતે સંતાન ના થતા તેવોના વરવાઓ દ્વારા સંકલપુર ખાતે આવેલ શ્રી બહુચર માતાજી ના મંદિર ખાતે થી દિવા ની જ્યોત લાવી પ્રાંતિજ ખાતે વર્ષો પહેલા મંદિર ની સ્થાપના કરવામા આવી હતી અને ત્યારબાદ માં બહુચર માં ના આશીર્વાદ થી નાગર બ્રાહ્મણ સમાજ નો વંશવેલો વધ્યો હતો તો અહી આજુબાજુ મા રહેતા અન્ય સમાજ લોકો કે જે દંપતીઓને સંતાન ના થતુ હોય તેવા લોકો આ મંદિર ખાતે આવીને બાધા રાખે છે અને બાધા રાખે છે અને બાધા પૂર્ણ થતા નવરાત્રી મા અહી આવી માનતા પૂર્ણ કરે છે ત્યારે નવરાત્રી દરમ્યાન નાગર બ્રાહ્મણ સમાજ ના અહી રહેતા અને ધંધા રોજગાર અર્થે બહાર ગામ રહેતા લોકો નવરાત્રી ના નવ દિવસ ઉપવાસ કરે છે અને આઠમ અને નોમના દિવસે અચુક પ્રાંતિજ ખાતે પરિવાર સાથે આવી માં બહુચર મંદિરે આવી માંના દર્શન કરી ધન્યતા અનુભવી છે તો આઠમ ના દિવસે બાધા નો ગરબો કે રાજી ખુશીથી મંદિર ખાતે ગરબો નિકળ છે અને છેલ્લા દિવસે હવન પુજા કરી નોમના દિવસે ગરબો વરાવાય છે

## પાલનપુરમાં વર્ષમાં માત્ર બે જ વખત ખુલતું શ્રી નાગણેજી માતાનું મંદિર




પાલનપુરમાં આવેલા અતિ પ્રાચીન શ્રી નાગણેજી માતાના મંદિર વર્ષમાં માત્ર બે વાર જ ખુલે છે. આજે હવનાષ્ટમીએ મંદિર ખુલતા સવારથી જ ભકતો નું ઘોડાપુર ઉમટી પડ્યું હતું. પાલનપુર શહેરના રાજગઢી વિસ્તાર માં શ્રી નાગણેજી માતાનું મંદિર આવેલું છે. આ મંદિર વર્ષ માં ફક્ત બે વાર જ ખુલે છે એક શ્રાવણ વદ પાંચમ (નાગપંચમી) અને નવરાત્રીના આસો સુદ આઠમના દિવસે ખુલે છે. પાલનપુરના નવાબ સાહેબેને સપનામાં નાગણેશ્વરી માતા આવેલા અને નવાબ સાહેબે માતાજી પાસે પુત્ર પ્રાપ્તિનું વરદાન માંગેલું ત્યાર બાદ નવાબ સાહેબને ત્યાં પુત્રનો જન્મ થતા નવાબ સાહેબે ૧૬૨૮ની સાલમાં તેમના મહેલના રાણીવાસના એક ઓરડામાં નાગણેજી માતાની મૂર્તિની સ્થાપના કરેલ ત્યાર થી લઈને આજ દિન સુધી અહીં નાગપંચમના દિવસે હવન યજ્ઞ થાય છે. અને નવરાત્રી માં મહાપુજા થાય છે તેનો લાભ મોટા પ્રમાણ માં ભાવિ ભક્તો લે છે વર્ષ માં બે વાર આ મંદિર ખુલતું હોવાથી લોકો આતુર તાથી ઈન્તજાર કરે છે. લોકો નું કેહવું છે કે આ મંદિર ખુબજ ચમત્કારીક છે અને અહીં આવવાથી લોકોની મનોકામના પૂર્ણ થાય છે લોકો ની ભારે આસ્થા આ મંદિર સાથે જોડાયેલી છે. આ ચમત્કારી મંદિરમાં બિરાજેલા નાગણેજી માતા ઉપર લોકો ની ભારે શ્રદ્ધા છે અહીં માતાજી ના દર્શન કરવા માટે દૂર -દૂર થી ભક્તો આવે છે અને નાગણેજી માતાના દર્શન કરીને ધન્યતા અનુભવે છે.

# શ્રી પરશુરામની ભવ્યાતીભવ્ય પ્રતિમાની સ્થાપના હિંમતનગરમાં કરવામાં આવશે જે સમસ્ત ગુજરાતનું નજરાણું બની રહેશે

**મહાપુરૂષોની પ્રતિમાઓની સ્થાપના કરવાથી યુવા પેઢીને માર્ગદર્શન મળી રહેશે : સી.આર. પાટીલ : હિંમતનગર ખાતે પરશુરામ ભગવાનની પ્રતિમા અને પાર્કનુ નામાનકરણ કાર્યક્રમ યોજાયો : ગણતરીની મીનીટોમાં પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની ઉપસ્થિતમાં રૂ.૬૫ લાખની વધુની રકમ દાન સ્વરૂપે એકઠી થઇ**

બાયડ તા.૬

હિંમતનગર ખાતે ભગવાન શ્રી પરશુરામજીની પ્રતિમાનુ ભૂમિપૂજન અને ભગવાન શ્રી પરશુરામ પાર્ક અને માર્ગનુ નામાનકરણ ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલના વરદહસ્તે મંગળવારે હિંમતનગર ખાતે કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે તેમણે જણાવ્યુ હતુ કે મહાપુરૂષોની પ્રતિમાઓની સ્થાપના કરવાથી યુવા પેઢીને માર્ગદર્શન મળી રહેશે. હિંમતનગરના ડાૅ.નલીનકાન્ત ગાંધી ટાઉન હોલમાં યોજાયેલ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની ઉપસ્થિતમાં માત્ર ગણતરીની મીનીટીમાં રૂપિયા ૬૫ લાખથી વધુની રકમ દાન સ્વરૂપે એકઠી થઈ હતી. સી.આર. પાટીલ દ્વારા મંચસ્થ મહાનુભાવોને સમાજ નિર્માણના કાર્યમાં દાન કરવા અપીલ કરી હતી. આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર શહેરમાં ભગવાન શ્રી પરશુરામની પ્રતિમા અને પાર્કનુ નામાનકરણ કરવા માટે છેલ્લા ઘણા સમયથી સાબરકાંઠા જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની ઉપસ્થિતમાં હિંમતનગર ખાતે ભવ્ય કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. હિંમતનગરના મોતીપુરાથી પ્રદેશ યુવા મહામંત્રી કૃણાલ દીક્ષિત ની આગેવાની હેઠળ નિકળેલી ભવ્ય બાઈક રેલીમાં મોટી સંખ્યામાં બ્રહ્મ સમાજના યુવાનો સાથે અગ્રણીઓ પણ જોડાયા હતા. મોતીપુરાથી નિકળેલી બાઈક રેલી શહેરના વિવિધ માર્ગો પર થઈને ટાવર ચોક ખાતે આવી પહોંચી હતી. જયાં આવેલા ભગવાન શ્રી પરશુરામ પાર્કમાં સી.આર. પાટીલના વરદહસ્તે તથા સમાજના અગ્રણી અતુલભાઈ દીક્ષિત પ્રફુલભાઈ વ્યાસ, મનોજભાઈ પુરોહિત, મુકેશભાઈ જાની, નગરપાલિકા પ્રમુખ યતીનબેન મોદી, ઉપપ્રમુખ અમૃતભાઈ પુરોહિત, નાગરિક બેંકના ચેરમેન હિરેનભાઈ ગોર તથા પ્રદેશ યુવા મહામંત્રી કૃણાલ દીક્ષિત ની ઉપસ્થિતિમાં ભગવાન શ્રી પરશુરામની આકાર લઈ રહી છે તેવી ભવ્ય પ્રતિમાનુ ભૂમિપૂજન કરવામાં આવ્યુ હતુ.



વૈદિકમંત્રોચ્ચાર સાથે બ્રહ્મ સમાજના અગ્રણીઓની ઉપસ્થિતમાં ભારતીય સંસ્કૃતિ પરંપરા મુજબ ભૂમિપૂજન પ્રસંગે શહેરના નગરજનો અને શ્રેષ્ઠીઓ સાથે મોટી સંખ્યામાં બ્રહ્મ સમાજના લોકો જોડાયા હતા. હિંમતનગર ટાઉન હોલ ખાતે સંબોધન કરતા પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે જણાવ્યુ હતુ કે ભગવાન શ્રી પરશુરામના પત્ની રેણુકા દેવીનુ મંદિર મહારાષ્ટ્રમાં આવેલુ છે અને જે અમારી કુળદેવી છે. ત્યારે આજે સાબરકાંઠા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ભગવાન પરશુરામની પ્રતિમાનુ જે ભૂમિપૂજન કરવાના કાર્યક્રમમાં મને લાભ મળ્યો છે તે મારૂ સૌભાગ્ય છે તેવુ હું માનુ છુ. શહેરના મુખ્ય માર્ગો પર આવેલા વિસ્તારોમાં મહાપુરૂષોની પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવે તે જરૂરી છે. મહાપુરૂષોના જીવન ચરિત્ર્ય સાથે આ પ્રતિમાઓના દર્શન કરવાથી યુવા પેઢીને માર્ગદર્શની સાથે સાથે સમાજના કંઈક નવુ કરવા માટેની પ્રેરણા મળશે. સમાજ સંગઠીત બનશે તો દેશ પણ સંગઠન સાથે વિકાસના માર્ગ પર ઝડપથી આગળ વધશે. સમગ્ર વિશ્વની નજર હાલ ભારત રાષ્ટ્ર પર મંડાયેલી છે. ત્યારે ભારતના વડાપ્રધાન અને ગુજરાતના યશસ્વી પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદી આજે વિશ્વ ગુરૂ તરીકે પોતાની આગવી શૈલીથી કાર્ય કરી રહ્યા છે. ત્યારે આવો આપણે સૌ તેમના ભગીરથ પ્રયાસોને સાકાર કરવા યથાયોગ્ય પ્રયાસ કરીએ. રાજનીતીમાં ચાણકય સહિતના લોકોની એક આગવી ઓળખ છે જે પણ બ્રાહ્મણ જ હતા. રાજા રજવાડાઓના સમયમાં માર્ગદર્શક તરીકે હંમેશા બ્રાહ્મણ સમાજના લોકો જ સંચાલન કરતા હતા. આ પ્રસંગે સી.આર. પાટીલે પણ રૂપિયા ૧૧ લાખની માતબર રકમ પરશુરામ પ્રતિમાના અનાવરણ માટે દાન જાહેર કરી હતી અને ગણતરીની મીનીટોમાં રૂપિયા ૬૫ લાખથી રકમ એકઠી કરી દીધી હતી. આ પ્રસંગે શહેરના શ્રેષ્ઠી અને ભામાશા તરીકે ઓળખાતા બાબુલાલ પુરોહિતે રૂપિયા ૫,૫૧,૦૦૦ની જાહેરાત કરતા અન્ય શ્રેષ્ઠીઓ પણ દાન કરવા માટે આગળ આવ્યા હતા. . આ પ્રસંગે બ્રહ્મ સમાજના અગ્રણી અતુલભાઇ દિક્ષીત, જિલ્લા પ્રમુખ મનોજભાઈ પુરોહિત, રાજ્યકક્ષા ઉપપ્રમુખ પ્રફુલભાઇ વ્યાસ (કાથાવાલા), જિલ્લા મહામંત્રી વિજયભાઈ પંડયા, હિંમતનગર નાગરિક બેંકના ચેરમેન હિરેનભાઈ ગોર, નગરપાલિકાના ઉપપ્રમુખ અમૃતભાઈ પુરોહિત, ગુજરાત પ્રદેશ યુવા મહામંત્રી કૃણાલ દીક્ષિત ,હિંમતનગર બ્રહ્મ સમાજના પ્રમુખ મુકેશ જાની, શહેર મહિલા પ્રમુખ ઈ ન્દુ બેન ,ભાવનાબેન પંડ્યા, કૃપાબેન ,ભારતીબેન વ્યાસ, યેવલા બીડી વાળા શેઠ મહેશભાઈ ઉપાધ્યાય, રાજ્યકક્ષા મંત્રી ઋષિરાજ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## શારદીય નવરાત્રિ પર્વ સંપન્ન : બાયડ ગાયત્રી શક્તિપીઠમાં ૧ કરોડ ગાયત્રી મંત્રના અનુષ્ઠાન સાથે યજ્ઞ

**અનુષ્ઠાન કરનારા ગાયત્રી પરીજનો ઉપસ્થિત રહ્યા**

બાયડ બ્યુરો ઓફીસ), તા.૦૬

- જિલ્લામાં શારદીય નવરાત્રિ સંપન્ન થઈ છે ત્યારે અનેક ગાયત્રી પરીજનો દ્વારા નવરાત્રિ દરમ્યાન અનુષ્ઠાન કરવામાં આવ્યું હતું. ગાયત્રી શક્તિપીઠ-બાયડના પરીજનો દ્વારા ૧ કરોડ ગાયત્રી મંત્રના અનુષ્ઠાન પૂરા થતાં દશેરાના દિવસે ભાગીરથ સંસ્કાર હોલમાં ગાયત્રી યજ્ઞ યોજવામાં આવ્યો હતો જેમાં તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ગાયત્રી પરીજનો ઉપસ્થિત રહ્યા હતી. છેલ્લા અઢી દાયકાથી ગાયત્રી શક્તિપીઠ-બાયડ દ્વારા ગર્ભોત્સવ સંસ્કાર, સમાજમાં વ્યાપેલા કુરિવાજો દૂર કરવા, પર્યાવરણ જાળવણી, વ્યસન મુક્તિ અભિયાન સહિત અનેક લોકઉપયોગી પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. જ્યારે દેશ અને દુનિયા ઉપર માનવ કે કુદરત સર્જીત આપત્તિ આવે ત્યારે સોને સલામતી મળી રહે તે માટે પણ વિશેષ યજ્ઞ સહિત દિપયજ્ઞનું આયોજન થતું હોય છે. કોરોના કાળમાં પણ ગાયત્રી પરિવાર દ્વારા ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞનું અભિયાન શરુ કરવામાં આવ્યું હતું. ગત તા.૨૬ સપ્ટેમ્બરથી શારદીય નવરાત્રિ શરુ થઈ એ સાથે ગાયત્રી શક્તિપીઠ-બાયડ સંલગ્ન પરિજનો દ્વારા અનુષ્ઠાન



કરવામાં આવ્યું હતું. ગાયત્રી પરિજનોએ ૧ કરોડથી વધુ ગાયત્રી મંત્રના જાપ અને લેખન દ્વારા અનોખું અનુષ્ઠાન સંપન્ન કર્યા પછી બુધવારે ગાયત્રી શક્તિપીઠબાયડમાં ગાયત્રી યજ્ઞ યોજવામાં આવ્યો હતો જેમાં પરિજનો ઉપસ્થિત રહ્યા હતા. ગાયત્રી શક્તિપીઠ-બાયડના પ્રમુખ ભરતભાઈ ઉપાધ્યાયે જણાવ્યું કે સમગ્ર વિશ્વમાં શાંતિ જળવાય, પ્રજાનું કલ્યાણ થાય તે માટે વિશેષ અનુષ્ઠાન કરવામાં આવ્યું હતું.



**દશેરાના દિવસે સોનેરી પ્રભાત...**

વાતાવરણમાં શિયાળાના પગરવ ધીરે ધીરે સંભળાઈ રહ્યા છે. પરોઢે પૂર્વમાં ઉગતા સૂરજે પણ હવે અનોખી કળાઓ શરુ કરી છે. દશેરાના દિવસે સવારે આકાશમાં સુવર્ણમય સવાર ઉગી હોય તેવો નજારો જોઈ અનેક લોકોએ સોનેરી પ્રભાત અનુભવી હતી.

# જિલ્લામાં ફાફડા-જલેબી વેચતા સ્ટોલનો રાફડો છતાં ફૂડ વિભાગે ૧૮ નમૂનાથી સંતોષ માન્યો

**અઠવાડીયા અગાઉથી તૈયાર ફાફડા-જલેબી પ્રજાના પેટમાં પહોંચ્યા : દશેરા સમયે તંત્ર દોડવામાં ઢીલું પડ્યું !!**

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં દશેરા નિમિત્તે ફાફડા અને જલેબીના વેચાણ માટે ઠેર ઠેર રાફડો ફાટ્યો હોવા છતાં ફૂડ વિભાગે ૧૮ નમૂનાથી સંતોષ માની લીધો છે. એક અઠવાડીયાથી ફાફડા અને જલેબી તૈયાર કરવામાં આવી હતી અને તે પ્રજાના પેટમાં પહોંચી છે. સામાન્ય રીતે તહેવારી નજીક હોય એટલે ફૂડ વિભાગના ઈન્સ્પેક્ટરો સેમ્પલ લેવા માટે દોટ લગાવતા હોય છે પરંતુ દશેરા સમયે તંત્ર દોડવામાં ઢીલું પડ્યું છે.

જિલ્લામાં ખાદ્ય ચીજવસ્તુઓમાં ક્યાંય ભેળસેળ થતી ન હોય તેવી આભા ઉભી કરવામાં ફૂડ વિભાગ મહદઅંશે સફળ રહ્યું હોય તેવું લાગી રહ્યું



છે. તહેવારો સમયે હલકી ગુણવત્તાના મીઠાઈ અને ફરસાણ પ્રજાને પધરાવવામાં આવતાં હોવા છતાં તંત્રના ફૂડ ઈન્સ્પેક્ટરો જૂજ દુકાનોમાં જઈ સેમ્પલ લેવાની કાર્યવાહી કરતા હોય છે. જિલ્લામાં દશેરાના પર્વની ઉજવણીમાં ફાફડા-જલેબીની મોટી માંગ રહેતી હોય છે જેથી એક અઠવાડીયા અગાઉથી ફાફડા અને જલેબી જિલ્લામાં તૈયાર કરી દશેરાની પૂર્વ સંધ્યાથી ઠેર ઠેર વેચાણ માટે સ્ટોલ ગોઠવી દેવામાં આવ્યા હોવા છતાં પુરવઠા વિભાગે જાણે કે તમામ સ્ટોલ ઉપર ગુણવત્તા જળવાઈ હોય તેમ માત્ર ૧૮ સેમ્પલ લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલી આપતાં આશ્ચર્ય ઉભું થયું છે. જિલ્લામાં ફૂડ વિભાગ દ્વારા અન્ય દિવસોમાં સેમ્પલ લેવાની કામગીરી સમયે માત્ર પેકીંગ ચીજવસ્તુઓના સેમ્પલ લેવામાં આવતાં હોય છે. જ્યારે તહેવારો સમયે વિભાગના અધિકારીઓ ઓફીસમાં બેઠા બેઠા ફૂડ ઈન્સ્પેક્ટરોની ટીમોને સેમ્પલ લેવા માટે રવાના કરી દેતા હોય છે જેથી માત્ર દેખાડા ખાતર કામગીરી થતી હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. દશેરા પર્વ નિમિત્તે જિલ્લામાં ઉભા કરવામાં આવેલા સ્ટોલ ઉપરથી બિનઆરોગ્યપ્રદ ફાફડા, જલેબી અને ચટણીનું વેચાણ થઈ ગયું છતાં તંત્રએ આચમનરૂપ કામગીરી કરી સંતોષ માની લીધો છે.

**૧૨૦૦ થી વધુ સ્ટોલ છતાં બધું નજર અંદાજ**

તહેવાર સમયે પ્રજા બિનઆરોગ્યપ્રદ ખોરાકથી બિમાર ન પડે તેની ફૂડ વિભાગે તકેદારી રાખવાની હોય છે ત્યારે જિલ્લામાં દશેરાના દિવસે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શહેર તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ૧૨૦૦ થી વધુ ફાફડા-જલેબી અને કચોરીના સ્ટોલ લાગ્યા હતા જેમાં હાનિકારક તેલ તેમજ રસાયણનો ભરપૂર ઉપયોગ થયાનું જોવા મળ્યું છતાં તંત્રએ માત્ર ૧૮ સેમ્પલ લઈ સંતોષ માન્યો છે. છેલ્લા કેટલાક સમયથી ફૂડ વિભાગ સામે ભ્રષ્ટાચારના ગંભીર આરોપ લાગ્યા છે તેમાં તથ્ય છે કે કેમ.?? તેની તપાસ થવી રહી.

**ફૂડ વિભાગના અધિકારી પાસે બે જિલ્લાનો ચાર્જ હોવાથી ભ્રષ્ટાચાર વધ્યો..!!**

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ફૂડ વિભાગના ડે જીગ્નેટેડ અધિકારી બી.એમ.ગણાવા પાસે બે જિલ્લાનો ચાર્જ હોવાથી ઠેર ઠેર બિનઆરોગ્યપ્રદ ખોરાકના વેપલાનો રાફડો ફાટ્યો છે ત્યારે ગાંધીનગરની ટીમો દ્વારા જિલ્લામાં સેમ્પલ લેવાય તો અનેક ચોંકાવનારી વિગતો સામે આવી છે. કેટલાક વેપારીઓએ નામ નહીં આપવાની શરતે જણાવ્યું કે હમણાં હમણાંથી ફૂડ વિભાગમાં ભ્રષ્ટાચાર વધ્યો છે.

જિલ્લામાં ફાફડા-જલેબીના લેવાયેલ સેમ્પલ

| જિલ્લો | સેમ્પલ |
|---|---|
| સાબરકાંઠા | ૧૦ |
| અરવલ્લી | ૧૮ |















## ઢોલીડા ઢોલ રે વગાડ મારે હીંચ લેવી છે... ગરબે રમવાના મને ઓરતા રે, આતો હેંડ્યા માના નોરતા રે.....

નવલા નોરતાની છેલ્લી રાત્રીએ ખલૈયાઓ પરોઢિયા સુધી મનભરીને ઝૂમ્યા હતા અને આખરી રાત્રી યાદગાર બની રહે તે માટે ખલૈયાઓ અવનવા ટ્રેડિશનલ ડ્રેસીસ સાથે ગરબા,રાસ,દોઢિયાં સાથે વિવિધ સ્ટાઈલ સાથે અનોખું આકર્ષણ જમાવ્યું હતું. રમઝટ નવરાત્રી, કુમકુમ નવરાત્રી, રામપાર્ક મેદાન નવરાત્રીમાં આતશબાજી કરી વિદાય આપી હતી,ખલૈયાઓ ગીત સંગીત અને ડીજે બંધ થયા બાદ પણ મેદાન છોડવા માટે તૈયાર નહોતા તેવો માહોલ બન્યો હતો.